# ભૂમિકેર®
## Bhoomicare




ભૂમિકેર જમીનને પુનઃજીવંત કરવા એક ઉત્તમ સંશોધીત ઉત્પાદન છે જેને, જમીનમાં આપવાથી જમીનના લાભદાયક સૂક્ષ્મજીવાઓ અને અળસિયાની સંખ્યામાં વધારો કરી જમીનને પોચી અને ફળદ્રુપ રાખવા જમીનમાં હ્યુમસના નિર્માણની પ્રક્રિયાને વેગ આપે છે.

ભૂમિકેરમાં પ્રાકૃતિક રૂપે પૂરતા પ્રમાણમાં રહેલા જૈવિક તત્ત્વો, જૈવિક કાર્બન, મુખ્ય ઘટકો, સૂક્ષ્મ ઘટકો, એમિનો એસિડ અને પ્રોટીન જમીનના તથા પાકના ગુણધર્મો અને બંધારણમાં સુધારો કરે છે.

ભૂમિકેર જમીનમા રહેલા અપાચ્ય નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાસ જેવા મુખ્ય ઘટકોને સુપાચ્ય બનાવી પાકમાં આવા તત્ત્વોની જરૂરિયાતને સંતોષે છે. ભૂમિકેર જમીનમાં પડી રહેલા ક્ષારને તોડી જમીનનો pH સંતુલન કરી જમીન પોચી અને ભરભરી બનાવે છે.

## ફાયદાઓ

- જમીનના ભૌતિક, રાસાયણિક (pH) તેમજ જૈવિક ગુણધર્મોમાં સુધારો કરી જમીનને પુનઃજીવંત કરવામાં મદદરૂપ થાય છે.
- જમીનની ફળદ્રૂપતા અને ઊપજ ક્ષમતામાં વધારો કરી જમીનને જીવંત રાખવામાં મદદરૂપ થાય છે.
- જમીનમાં જરૂરી પોષકતત્ત્વો, મુખ્ય ઘટકો અને સુક્ષ્મ ઘટકોનું પ્રમાણ વધારે છે.
- જમીનમાં રહેલા ઝેરી તત્ત્વોનું વિઘટન કરી તેની અસરો નાબૂદ કરે છે.
- અન્ય ખાતરોની કાર્યક્ષમતામાં વધારો કરે છે.
- છોડની મહત્ત્વપૂર્ણ અવસ્થાઓ જેવી કે બીજ અંકુરણ, મૂળની વૃદ્ધિ, ફૂલો અને ફળોના વિકાસ સમયે રોગોથી બચાવે છે.
- છોડની રોગપ્રતિકારક શક્તિ વધારી ઊભા પાકને પર્યાવરણીય તાણ અને આબોહવાના પરિવર્તનથી રક્ષણ આપે છે.
- ઓછા ખર્ચામાં ઉત્તમ ગુણવત્તા અને ભરપૂર ઉત્પાદન અપાવી ખેડૂતોની આવકમાં વધારો કરે છે.

## પાક અને જમીન માટે વપરાશની ભલામણો

ભૂમિકેર દરેક પ્રકારના પાક જેવાકે શાકભાજી, ફૂલો, ફળો, તમાકુ, અનાજ, કપાસ, કઠોળ, તેલીબિયા, બાગબગીચા અને બાગાયતી પાકોની ખેતીમા બધાજ પ્રકારની જમીનમાં ઉપયોગી છે.

## વપરાશની પધ્ધતિ

- ટપક, ફુવારા અથવા પિયત પદ્ધતિ : ૫૦૦ મિલિ ભૂમિકેર પ્રતિ વીઘામાં વાપરવું.
- ડ્રેચીંગ (ટુવા) પદ્ધતિ દ્વારા વપરાશ : ૨ - ૪ મિલિ ભૂમિકેર પ્રતિ લિટર પાણીમાં મિક્ષ કરી ટુવા આપવા.